# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


**પરિપત્ર**

**વિષયઃ જૂનાગઢ ખાતે યોજાનાર ISRO અમદાવાદ દ્વારા મોબાઇલ એકઝિબશન અવકાશ વિજ્ઞાન પ્રદર્શનમાં આપના વિદ્યાર્થીઓની મુલાકાત ગોઠવવા બાબત.**

સંદર્ભઃ અવકાશ વિજ્ઞાન પ્રદર્શન સમિતિ, જૂનાગઢનાં તા.૩૦/૧૨/૨૦૧૯નાં પત્ર અન્વયે.

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન ભવનોના વડાશ્રીઓ તેમજ તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા આ વર્ષ ડો. વિક્રમ સારાભાઇ સતાબ્દી વર્ષ તરીકે ઉજવાઇ રહયું છે ત્યારે આ ઉજવણીના ભાગરૂપે એક અવકાશ-વિજ્ઞાન મોબાઇલ પ્રદર્શન ISRO અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જૂનાગઢમાં આ પ્રદર્શનનું આયોજન રૂપાયત જૂનાગઢ-પ્રેમાનંદ વિદ્યા મંદિર તથા બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રનાં સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ છે. આ પ્રદર્શન આગામી તા.૦૯-૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન પ્રેમાનંદ વિદ્યા મંદિર, બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જેમાં આપના ડિપાર્ટમેન્ટ/કોલેજના રસ-રુચિ ધરાવતા વિદ્યાર્થીઓને આ અવકાશ-વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત ગોઠવવા આથી જાણ કરવામાં આવે છે. આ ઉપરાંત વ્યવસ્થાના ભાગરૂપે નીચે આપેલા નંબર પર આપની મુલાકાતની વિગત વ્યવસ્થા સમિતિને જણાવવી. સદરહું અવકાશ-વિજ્ઞાન પ્રદર્શન વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થઇ શકે તેમ હોય, શક્ય તેટલા વધુ ને વધુ વિદ્યાર્થીઓ જોડાય તેવી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશો.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૯ અને ૧૦-જાન્યુઆરી-૨૦૨૦ (ગુરૂવાર, શુક્રવાર) |
| સમય | : | સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ સુધી. |
| સ્થળ | : | શ્રી પ્રેમાનંદ વિદ્યામંદિર,<br>બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ. |
| ફોન નંબર | : | ૦૨૮૫-૨૬૭૦૯૦૭ (સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ સુધી) |

બિડાણઃ ઉપરોક્ત સંદર્ભ પત્રની નકલ.

**I/c.રજીસ્ટ્રાર**

**ક્રમાંક/એકેડેમિક/ 32 /૨૦૧૯-૨૦**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,**
**ખડીયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩**
**તા.૦૪/૦૧/૨૦૨૦**

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના વડાશ્રીઓ/તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ....

નકલ સાદર રવાનાઃ-

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

# ISRO SPACE AND SCIENCE EXHIBITION

Premanand Edu. Campus, Nr. Bilnath Temple, Junagadh. 99091 70907

O.W. No. Date : 30-12-2019

પ્રતિ,

પ્રો. ડો. ચેતનભાઈ ત્રિવેદી

વાઈસ ચાન્સેલરશ્રી,

ભક્ત કવિશ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

વિષય : ISRO અમદાવાદ દ્વારા મોબાઈલ Exhibition અંતર્ગત જાણ કરતો પરિપત્ર કરવા બાબત.

સાદર,

સવિનય સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા આ વર્ષ ડો. વિક્રમ સારાભાઈ શતાબ્દી વર્ષ તરીકે ઉજવાઈ રહ્યુ છે ત્યારે આ ઉજવણીના ભાગરૂપે એક અવકાશ - વિજ્ઞાન મોબાઈલ પ્રદર્શન ISRO અમદાવાદ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જૂનાગઢમાં આ પ્રદર્શનનું આયોજન રૂપાયતન જૂનાગઢ - પ્રેમાનંદ વિદ્યા મંદિર તથા બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવેલ છે. આ પ્રદર્શન આગામી તા. ૯-૧૦ જાન્યુઆરી, ૨૦૨૦ દરમ્યાન પ્રેમાનંદ વિદ્યા મંદિર, બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

સદરહું પ્રદર્શનમાં વિજ્ઞાનમાં રસ ધરાવતા આપણી જૂનાગઢ અને જિલ્લાની કોલેજો ના વિદ્યાર્થીઓ વધુને વધુ રસ લઈ મુલાકાત લે અને તેમનામાં વિજ્ઞાન પ્રતિ રસ-રુચિ કેળવાય તેવા ધ્યેય સાથે આપના સ્તરેથી જિલ્લાની દરેક કોલેજોને પરિપત્ર કરી આપવા આપ સાહેબને વિનમ્ર અરજ છે.

ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ યોગ્ય કરી સદરહું પરિપત્ર વહેલી તકે કરવામાં આવશે તો કોલેજોને આયોજન કરવામાં સરળતા રહેશે. જે બાબત ધ્યાને લઈ ઘટતું કરી સદરહુ સાયન્સ પ્રદર્શનની મુલાકાત અંગેનો પરિપત્ર કરી આપી આભારી કરશોજી.

આપના સહકારની અપેક્ષા સહ...

અવકાશ વિજ્ઞાન પ્રદર્શન સમિતિ

જૂનાગઢ